## અરબી-ગુજરાતી

# કુરઆને મજીદ

## પારા-૧૦

## - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …
www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે [www.hajinaji.com](http://www.hajinaji.com) પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

hajinajitrust@gmail.com

# અનુક્રમણિકા


| નં. | સૂરાનું નામ | પેજ |
|---|---|---|
| ૮ | સૂર-એ-અન્ફાલ<br>(આયત ૪૧ થી ૭૫) | ૪ |
| ૯ | સૂર-એ-તૌબા<br>(આયત ૧ થી ૯૩) | 33 |

وَاعۡلَمُوۡۤا اَنَّمَا غَنِمۡتُمۡ مِّنۡ شَىۡءٍ فَاَنَّ لِلّٰهِ خُمُسَهٗ وَلِلرَّسُوۡلِ
وَلِذِى الۡقُرۡبٰى وَالۡيَتٰمٰى وَالۡمَسٰكِيۡنِ وَابۡنِ السَّبِيۡلِ ۙ اِنۡ
كُنۡتُمۡ اٰمَنۡتُمۡ بِاللّٰهِ وَمَاۤ اَنۡزَلۡنَا عَلٰى عَبۡدِنَا يَوۡمَ الۡفُرۡقَانِ
يَوۡمَ الۡتَقَى الۡجَمۡعٰنِ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ﴿۴۱﴾

(૪૧) અને આ જાણી લો કે (લડાઇ દરમિયાન) તમે જે નફો મેળવો તેનો પાંચમો ભાગ અલ્લાહનો તથા રસૂલનો તથા તે (રસૂલ)નાં સગાં વહાલાંઓનો તથા યતીમોનો તથા મોહતાજોનો તથા મુસાફરોનો છે. અગર તમે અલ્લાહ પર વિશ્વાસ રાખતા હો અને તે (ગૈબી મદદ) પર કે જે

અમોએ અમારા બંદા ઉપર નિર્ણય (જંગે બદ્ર)ના દિવસે ઉતારી હતી (કે) જે દિવસે બે પક્ષો સામ સામે થઇ ગયા હતા; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

إِذْ أَنتُم بِالْعُدْوَةِ الدُّنْيَا وَهُم بِالْعُدْوَةِ الْقُصْوَىٰ وَالرَّكْبُ
أَسْفَلَ مِنكُمْ ۚ وَلَوْ تَوَاعَدتُّمْ لَاخْتَلَفْتُمْ فِي الْمِيعَادِ ۙ
وَلَٰكِن لِّيَقْضِيَ اللَّهُ أَمْرًا كَانَ مَفْعُولًا لِّيَهْلِكَ مَنْ هَلَكَ عَن
بَيِّنَةٍ وَيَحْيَىٰ مَنْ حَيَّ عَن بَيِّنَةٍ ۗ وَإِنَّ اللَّهَ لَسَمِيعٌ عَلِيمٌ ﴿٤٢﴾

(૪૨) (તે સમયને યાદ કરો) જ્યારે કે તમે (ખાઇની) આ બાજુના છેડા ઉપર હતા અને તેઓ

(નાસ્તિકો) પેલી બાજુના છેડા ઉપર અને (શામનો) વેપારી કાફલો તમારાથી નિચાણવાળા ભાગમાં હતો અને જો તમે (બન્ને પક્ષોએ પહેલેથી માંહો માંહે) એક બીજાથી લડાઇનો ઠરાવ કરી લીધો હોત તો તે ઠરાવનો તમારામાંથી કોઇ પણ એક પક્ષે અવશ્ય ભંગ કર્યો હોત; પરંતુ (તમને અલ્લાહે અચાનક સામ સામે કરી દીધા, જેથી) જે થનાર હતું તે અલ્લાહ પૂર્ણ કરી નાખે, એટલે કે જે કોઇ હલાક થનાર હતો તે (સત્યની) દલીલ પૂર્ણ થયા બાદ હલાક થઇ જાય અને જે જીવતો રહેનાર હતો તે પણ દલીલ પૂર્ણ થયા બાદ જીવતો રહે; અને

બેશક અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે:

إِذْ يُرِيكَهُمُ اللَّهُ فِي مَنَامِكَ قَلِيلًا ۖ وَلَوْ أَرَاكَهُمْ كَثِيرًا لَّفَشِلْتُمْ وَلَتَنَازَعْتُمْ فِي الْأَمْرِ وَلَٰكِنَّ اللَّهَ سَلَّمَ ۗ إِنَّهُ عَلِيمٌ بِذَاتِ الصُّدُورِ ﴿٤٣﴾

(૪૩) (તે સમયને યાદ કર) જ્યારે કે અલ્લાહે તે (નાસ્તિક) લોકોને તારા સ્વપ્નામાં (સંખ્યામાં) થોડા કરી દેખાડ્યા હતા; અને જો તે તેમની (સંખ્યા) તને વધારે કરીને દેખાડતે તો તમે ખરેખર હિંમત હારી જતે અને તે (લડવા કે ન લડવાની) બાબતમાં તમે જરૂર આપસમાં તકરાર કરતે, પણ

અલ્લાહે (તમને) બચાવી લીધા; બેશક તે મન માંહેની વાતોથી પણ સારી રીતે વાકેફ છે.

وَاِذْ يُرِيْكُمُوْهُمْ اِذِ الْتَقَيْتُمْ فِيْٓ اَعْيُنِكُمْ قَلِيْلًا وَّيُقَلِّلُكُمْ فِيْٓ اَعْيُنِهِمْ لِيَقْضِيَ اللّٰهُ اَمْرًا كَانَ مَفْعُوْلًا ؕ وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ ﴿۴۴﴾

(૪૪) અને (તે સમયને યાદ કરો) જ્યારે કે તમારો એક બીજાનો સામનો થયો હતો ત્યારે તેણે તેમને તમારી નજરમાં ઓછા (કરી) દેખાડ્યા હતા અને તમને તેમની નજરમાં ઓછા કરી દેખાડ્યા હતા કે જેથી અલ્લાહને જે કાંઇ કરવાનું હતું તે પૂર્ણ કરી

નાખે; અને સઘળી બાબતોનું પાછું ફરવું તેનીજ તરફ છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا لَقِيْتُمْ فِئَةً فَاثْبُتُوْا وَاذْكُرُوا اللّٰهَ كَثِيْرًا لَّعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿٤٥﴾

(૪૫) અય ઇમાન લાવનારાઓ! જ્યારે કોઇ ટોળા સાથે તમારો સામનો થઇ જાય તો મક્કમ રહ્યા કરો અને અલ્લાહને ઘણો ઘણો યાદ કર્યા કરો કે કદાચને તમે સફળતા પામો.

وَاَطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَا تَنَازَعُوْا فَتَفْشَلُوْا وَتَذْهَبَ رِيْحُكُمْ وَاصْبِرُوْا ؕ اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ ﴿٤٦﴾

(૪૬) અને અલ્લાહ તથા તેના રસૂલની આજ્ઞા પાળો અને માંહો માંહે ઝઘડો નહિ, નહિતર તમે હિંમત હારી જશો અને તમારો ઉત્સાહ ચાલ્યો જશે અને તમે ધીરજ ધરો; બેશક અલ્લાહ ધીરજ ધરનારાઓની સાથે છે.

وَلَا تَكُونُوا كَالَّذِينَ خَرَجُوا مِنْ دِيَارِهِمْ بَطَرًا وَّرِئَآءَ النَّاسِ
وَيَصُدُّونَ عَنْ سَبِيلِ اللّٰهِ ۚ وَاللّٰهُ بِمَا يَعْمَلُونَ مُحِيطٌ ﴿٤٧﴾

(૪૭) અને તમે તે (નાસ્તિક) લોકોના જેવા ન થાઓ કે જેઓ મોટાઈ કરતા અને લોકો સમક્ષ દેખાવ કરતા ઘરોની બહાર નીકળતા હતા અને (લોકોને) અલ્લાહના માર્ગથી અટકાવતા હતા; અને

જે કૃત્યો તેઓ કરે છે તે (સર્વે) અલ્લાહના (જ્ઞાનની) સીમામાં છે.

وَاِذْ زَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ وَقَالَ لَا غَالِبَ لَكُمُ
الْيَوْمَ مِنَ النَّاسِ وَاِنِّيْ جَارٌ لَّكُمْ ۚ فَلَمَّا تَرَآءَتِ الْفِئَتٰنِ
نَكَصَ عَلٰى عَقِبَيْهِ وَقَالَ اِنِّيْ بَرِيْٓءٌ مِّنْكُمْ اِنِّيْٓ اَرٰى مَا لَا
تَرَوْنَ اِنِّيْٓ اَخَافُ اللّٰهَ ؕ وَاللّٰهُ شَدِيْدُ الْعِقَابِ ﴿۴۸﴾

(૪૮) અને (તે સમયને યાદ કરો) જ્યારે શૈતાને તેમના કૃત્યો તેમની નજરમાં શોભાયમાન કરી દીધા અને કહ્યું કે જે સ્થિતિમાં કે હું તમારૂં પીઠબળ છું કોઇ પણ આજે તમારા ઉપર વિજયી નિવડશે નહિ, પછી જ્યારે તે બન્ને ટોળાં એકમેકની

નજરે પડ્યા (અને સામ સામા થઇ ગયા) ત્યારે શૈતાન પોતાના પાછલા પગોએ ફરી ગયો અને કહેવા લાગ્યો કે નિઃસંશય હું તો તમારાથી અળગો છું; બેશક હું જે કાંઇ જોઉં છું તે તમે જોતા નથી; નિઃસંશય હું અલ્લાહથી ડરૂં છું; અને અલ્લાહ અઝાબ આપવામાં ઘણો સખ્ત છે.

إِذْ يَقُولُ الْمُنٰفِقُونَ وَالَّذِينَ فِي قُلُوبِهِم مَّرَضٌ غَرَّ هٰٓؤُلَآءِ
دِينُهُمْ ۗ وَمَن يَتَوَكَّلْ عَلَى اللّٰهِ فَإِنَّ اللّٰهَ عَزِيزٌ حَكِيمٌ ﴿٤٩﴾

(૪૯) (તે સમયને યાદ કરો) જ્યારે દાંભિકો તથા તે લોકો કે જેમનાં અંતઃકરણોમાં (નાસ્તિકપણાનો) રોગ હતો કહેવા લાગ્યા કે આ (મુસલમાન) લોકોને તેમના દીને ધોકો આપ્યો છે; (અય રસૂલ! એ

લોકો ગમે તે કહે) પણ જે કોઇ અલ્લાહ પર ભરોસો રાખશે તો બેશક અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે.

وَلَوْ تَرٰٓى اِذْ يَتَوَفَّى الَّذِيْنَ كَفَرُوا ۙ الْمَلٰٓئِكَةُ يَضْرِبُوْنَ وُجُوْهَهُمْ وَاَدْبَارَهُمْ ۚ وَذُوْقُوْا عَذَابَ الْحَرِيْقِ ﴿٥٠﴾

(૫૦) અને કદાચને તું જોતે કે જ્યારે ફરિશ્તા તે નાસ્તિકોના પ્રાણોનું હરણ કરે છે અને તેમના મોંઢાં અને પીઠ પર (ચાબખા) મારતા જાય છે, અને (સાથે સાથે આ કહેતા જાય છે કે) દાઝવાના અઝાબની મજા ચાખો.

ذٰلِكَ بِمَا قَدَّمَتْ اَيْدِيْكُمْ وَاَنَّ اللّٰهَ لَيْسَ بِظَلَّامٍ لِّلْعَبِيْدِ ﴿٥١﴾

(૫૧) અને તેનો બદલો છે કે જે તમારા હાથો (આ) અગાઉ મોકલી ચૂક્યા છે અને અલ્લાહ પોતાના બંદાઓ પર હરગિજ ઝુલ્મ કરતો નથીઃ

كَدَاْبِ اٰلِ فِرْعَوْنَ ۙ وَالَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ۭ كَفَرُوْا بِاٰيٰتِ اللّٰهِ فَاَخَذَهُمُ اللّٰهُ بِذُنُوْبِهِمْ ۭ اِنَّ اللّٰهَ قَوِيٌّ شَدِيْدُ الْعِقَابِ ﴿٥٢﴾

(૫૨) (અય નાસ્તિકો !) જેવી ફિરઔનવાળાઓની તથા તેમની અગાઉનાઓની દશા થઇ હતી (તેવી જ દશા તમારી પણ થશે); તેમણે અલ્લાહની નિશાનીઓનો ઇન્કાર કર્યો હતો જેથી અલ્લાહે તેમને તેમના ગુનાહોના કારણે (અઝાબમાં) પકડી લીધા; બેશક અલ્લાહ શક્તિવાન (અને) અઝાબ આપવામાં ઘણો સખ્ત છે.

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ لَمۡ يَكُ مُغَيِّرًا نِّعۡمَةً اَنۡعَمَهَا عَلٰى قَوۡمٍ حَتّٰى
يُغَيِّرُوۡا مَا بِاَنۡفُسِهِمۡ ۙ وَاَنَّ اللّٰهَ سَمِيۡعٌ عَلِيۡمٌ ۙ﴿۵۳﴾

(૫૩) આ એ માટે કે અલ્લાહ કોઇ નેઅમત કે જે કોઇ કોમને આપી હોય તે બદલી નાખતો નથી, જ્યાં સુધી કે તે (કોમ) પોતેજ પોતાની સ્થિતિ બદલી ન નાખે, અને બેશક અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે:

كَدَاۡبِ اٰلِ فِرۡعَوۡنَ ۙ وَالَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ ؕ كَذَّبُوۡا بِاٰيٰتِ
رَبِّهِمۡ فَاَهۡلَكۡنٰهُمۡ بِذُنُوۡبِهِمۡ وَاَغۡرَقۡنَاۤ اٰلَ فِرۡعَوۡنَ ۚ وَكُلٌّ
كَانُوۡا ظٰلِمِيۡنَ ﴿۵۴﴾

(૫૪) (અય નાસ્તિકો !) જેવી ફિરઔનવાળાઓની તથા તેમની અગાઉનાઓની દશા થઇ હતી (તેવી જ દશા તમારી પણ થશે); તેઓએ પોતાના પરવરદિગારની આયતોને જૂઠલાવી જેથી અમોએ તેમના ગુનાહોના કારણે તેમનો નાશ કર્યો, અને ફિરઔનવાળાઓને ડૂબાડી દીધા, અને તેઓ બધા જ ઝાલિમ હતા.

إِنَّ شَرَّ الدَّوَابِّ عِنْدَ اللَّهِ الَّذِينَ كَفَرُوا فَهُمْ لَا يُؤْمِنُونَ ۝٥٥

(૫૫) બેશક અલ્લાહની પાસે સૌથી ખરાબ પ્રાણી તે લોકો છે કે જેઓ નાસ્તિકપણું કરે છે, પછી તેઓ ઇમાન લાવતા નથી.

اَلَّذِيْنَ عٰهَدْتَّ مِنْهُمْ ثُمَّ يَنْقُضُوْنَ عَهْدَهُمْ فِيْ كُلِّ مَرَّةٍ وَّهُمْ لَا يَتَّقُوْنَ﴿۵۶﴾

(૫૬) તેઓ એજ છે જેમની સાથે તું કરાર કરે છે, પછી તેઓ દરેક વખતે પોતાના કરાર તોડી નાખે છે અને જરા પણ ડરતા નથી.

فَاِمَّا تَثْقَفَنَّهُمْ فِي الْحَرْبِ فَشَرِّدْ بِهِمْ مَّنْ خَلْفَهُمْ لَعَلَّهُمْ يَذَّكَّرُوْنَ﴿۵۷﴾

(૫૭) જેથી અગર તમે યુદ્ધમાં તેમના પર કાબૂ મેળવો તો તેમના (પર સખ્તાઇ ચલાવી તેમના દાખલાથી) તેમને કે જેઓ તેમની પીઠ પાછળ છે

છિન્ન ભિન્ન કરી નાખજો કે કદાચને તેઓ યાદ રાખે.

وَاِمَّا تَخَافَنَّ مِنۡ قَوۡمٍ خِيَانَةً فَانۡۢبِذۡ اِلَيۡهِمۡ عَلٰى سَوَآءٍ ‌ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الۡخَآٮِٕنِيۡنَ ۝٥٨

(૫૮) અને જો તમને કોઇ કોમ તરફથી વિશ્વાસભંગનો અંદેશો હોય તો તમે પણ (તેમની સાથેના કરારના લખાણને ફાડી) તેમના તરફ ફેંકી દેજો કે જેથી તમે સરખા થઇ જાઓ; બેશક અલ્લાહ વિશ્વાસઘાત કરનારાઓને દોસ્ત રાખતો નથી.

وَلَا يَحۡسَبَنَّ الَّذِيۡنَ كَفَرُوۡا سَبَقُوۡا‌ ؕ اِنَّهُمۡ لَا يُعۡجِزُوۡنَ ۝٥٩

(૫૯) અને જેમણે નાસ્તિકપણું ધારણ કર્યું છે તેઓ એવું ગુમાન ન કરે કે તેઓ બાજી જીતી ગયા છે; નિઃસંશય તેઓ (અમને) નિરૂપાય બનાવી શકશે નહિ.

وَاَعِدُّوْا لَهُمْ مَّا اسْتَطَعْتُمْ مِّنْ قُوَّةٍ وَّمِنْ رِّبَاطِ الْخَيْلِ تُرْهِبُوْنَ بِهٖ عَدُوَّاللّٰهِ وَعَدُوَّكُمْ وَاٰخَرِيْنَ مِنْ دُوْنِهِمْ ۚ لَا تَعْلَمُوْنَهُمْ ۚ اَللّٰهُ يَعْلَمُهُمْ ؕ وَمَا تُنْفِقُوْا مِنْ شَيْءٍ فِيْ سَبِيْلِ اللّٰهِ يُوَفَّ اِلَيْكُمْ وَاَنْتُمْ لَا تُظْلَمُوْنَ ۞٦٠

(૬૦) અને (અય મુસલમાનો !) જે બળ તમે મેળવી શકો અને જેટલા ઘોડા તમે સરહદ પર બાંધી શકો તેમને તે (નાસ્તિકો)ના મુકાબલા માટે

તૈયાર કરી રાખો, (કારણ) કે તેમ કરવાથી તમે અલ્લાહના દુશ્મનો પર અને તમારા દુશ્મનો પર અને તેમના સિવાય અન્ય લોકો ઉપર પણ ધાક બેસાડી દેશો, તમે તેમને નથી જાણતા, અલ્લાહ તેમને (સારી રીતે) જાણે છે; અને તમે અલ્લાહની રાહમાં જે કાંઇ ખર્ચ કરશો તેનો તમને બદલો આપવામાં આવશે અને તમારા પર કાંઇ પણ અન્યાય કરવામાં આવશે નહિ.

وَاِنْ جَنَحُوْا لِلسَّلْمِ فَاجْنَحْ لَهَا وَتَوَكَّلْ عَلَى اللّٰهِ ؕ اِنَّهٗ
هُوَالسَّمِيْعُ الْعَلِيْمُ ﴿٦١﴾

(૬૧) અને જો તેઓ સુલેહ તરફ વળે તો તું પણ તે તરફ વળી જા અને અલ્લાહ પર વિશ્વાસ રાખ; બેશક તે મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

وَاِنۡ يُّرِيۡدُوۡۤا اَنۡ يَّخۡدَعُوۡكَ فَاِنَّ حَسۡبَكَ اللّٰهُ‌ ؕ هُوَ الَّذِىۡۤ اَيَّدَكَ

بِنَصۡرِهٖ وَبِالۡمُؤۡمِنِيۡنَ ۙ‏ ﴿۶۲﴾

(૬૨) અને જો તેઓ તને છેતરવા ચાહે તો નિઃસંશય અલ્લાહ તારા માટે બસ છે; તે (અલ્લાહ) એજ છે જણે પોતાની મદદ વડે તથા મોઅમીનોની (મદદ) વડે તને તાકત આપી છે:

وَاَلَّفَ بَيۡنَ قُلُوۡبِهِمۡ‌ ؕ لَوۡ اَنۡفَقۡتَ مَا فِى الۡاَرۡضِ جَمِيۡعًا مَّاۤ
اَلَّفۡتَ بَيۡنَ قُلُوۡبِهِمۡ وَلٰـكِنَّ اللّٰهَ اَلَّفَ بَيۡنَهُمۡ‌ ؕ اِنَّهٗ عَزِيۡزٌ
حَكِيۡمٌ ﴿۶۳﴾

(૬૩) અને તેમના દિલોમાં પરસ્પર પ્રેમ ઉત્પન્ન કરી દીધો છે; અગર જમીનમાં જે કાંઇ છે તે સઘળુંજ તું ખર્ચી નાખતે તો પણ તેમના દિલોમાં તું પ્રેમ ઉત્પન્ન કરી શકતે નહિ, પણ અલ્લાહે તે (મુસલમાનો)ના દિલોમાં પરસ્પર પ્રેમ ઉત્પન્ન કર્યો; બેશક અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે.

يٰۤاَيُّهَا النَّبِىُّ حَسۡبُكَ اللّٰهُ وَمَنِ اتَّبَعَكَ مِنَ الۡمُؤۡمِنِيۡنَ ﴿۶۴﴾

(૬૪) અય નબી ! અલ્લાહ તથા મોઅમીનોમાંથી જેઓ તારી તાબેદારી કરે છે તેઓ જ તારા માટે બસ છે.

يَاَيُّهَا النَّبِيُّ حَرِّضِ الْمُؤْمِنِيْنَ عَلَى الْقِتَالِ ؕ اِنْ يَّكُنْ مِّنْكُمْ
عِشْرُوْنَ صٰبِرُوْنَ يَغْلِبُوْا مِائَتَيْنِ ۚ وَاِنْ يَّكُنْ مِّنْكُمْ مِّائَةٌ
يَّغْلِبُوْٓا اَلْفًا مِّنَ الَّذِيْنَ كَفَرُوْا بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَفْقَهُوْنَ ﴿٦٥﴾

(૬૫) અય નબી ! મોઅમીનોને (નાસ્તિકો સાથે) લડાઇ માટે પ્રોત્સાહન આપ (ઉભારતો રહે); અગર તમારામાં વીસ સબ્ર કરનારા હશે તો તેઓ બસો (જણા) ઉપર વિજયી રહેશે, અને જો તમારામાંથી એક સો (સબ્ર કરનારા) હશે તો એક હજાર

નાસ્તિકો પર વિજયી રહેશે, એ માટે કે તે એવી કોમ છે કે જે મુદ્દલ સમજી શકતી નથી.

اَلْـٰٔنَ خَفَّفَ اللّٰهُ عَنْكُمْ وَعَلِمَ اَنَّ فِيْكُمْ ضَعْفًا ؕ فَاِنْ يَّكُنْ
مِّنْكُمْ مِّائَةٌ صَابِرَةٌ يَّغْلِبُوْا مِائَتَيْنِ ۚ وَاِنْ يَّكُنْ مِّنْكُمْ اَلْفٌ
يَّغْلِبُوْٓا اَلْفَيْنِ بِاِذْنِ اللّٰهِ ؕ وَاللّٰهُ مَعَ الصّٰبِرِيْنَ ﴿٦٦﴾

(૬૬) હવે અલ્લાહ તમારા ઉપર (પોતાના હુકમનો બોજો) હલકો કરી દીધો છે અને તેણે જાણી લીધું છે કે તમારામાં કમજોરી છે; જેથી તમારામાંથી સો સબ્ર કરનારા હશે તો તેઓ અલ્લાહના હુકમથી બસો ઉપર વિજયી રહેશે, અને તમારામાંથી જો હજાર હશે તો અલ્લાહના હુકમથી બે હજાર ઉપર

વિજયી રહેશે; અને અલ્લાહ સબ્ર કરનારાઓની સાથે છે.

مَا كَانَ لِنَبِيٍّ اَنْ يَّكُوْنَ لَهٗۤ اَسْرٰى حَتّٰى يُثْخِنَ فِى الْاَرْضِ ؕ
تُرِيْدُوْنَ عَرَضَ الدُّنْيَا ۖۗ وَاللّٰهُ يُرِيْدُ الْاٰخِرَةَ ؕ وَاللّٰهُ عَزِيْزٌ
حَكِيْمٌ ۝٦٧

(૬૭) (કોઇ પણ) નબીની પાસે જ્યાં સુધી કે તે (લડાઇ કરીને) દેશ ઉપર સંપૂર્ણ સત્તા મેળવે નહિ (ત્યાં સુધી દંડ લેવાના હેતુસર) કૈદીઓનું હોવું મુનાસીબ નથી; તમે આ જગતના (નાશવંત) સાધનોને ચાહનારા છો, અને અલ્લાહ (તમારા

માટે) આખેરત (નું સુખ) ચાહે છે; અને અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે.

لَوْلَا كِتٰبٌ مِّنَ اللّٰهِ سَبَقَ لَمَسَّكُمْ فِيْمَاۤ اَخَذْتُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿٦٨﴾

(૬૮) અગર અલ્લાહનો (આ ગુનાહની માફી માટેનો) લેખિત હુકમ પહેલેથી (નક્કી) થઇ ગયો ન હોત તો ખરેખર જે કાંઇ તમોએ (બદ્રના કૈદીઓ) પાસેથી (દંડ તરીકે) લીધું છે તેના સબંધમાં તમારા ઉપર ઘણો મોટો અઝાબ ઉતરતે.

فَكُلُوْا مِمَّا غَنِمْتُمْ حَلٰلًا طَيِّبًا ۖؗ وَّاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٦٩﴾ ع

(૬૯) (પણ) હવે તમોએ ગનીમત (ના માલ) તરીકે જે કાંઇ લીધું છે તેમાંથી હલાલ અને પાક સમજી ખાઇ લો અને અલ્લાહથી ડરતા રહો; બેશક અલ્લાહ મોટો ક્ષમાવાન અને દયા કરનાર છે.

يَآاَيُّهَا النَّبِيُّ قُلْ لِّمَنْ فِيْٓ اَيْدِيْكُمْ مِّنَ الْاَسْرٰٓى ۙ اِنْ يَّعْلَمِ اللّٰهُ فِيْ قُلُوْبِكُمْ خَيْرًا يُّؤْتِكُمْ خَيْرًا مِّمَّآ اُخِذَ مِنْكُمْ وَيَغْفِرْ لَكُمْ ۗ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝٧٠

(૭૦) અય નબી ! જે બંદીવાનો તમારા કબ્જામાં છે તેમને કહી દે કે અગર અલ્લાહ તમારા દિલોમાં નેકી જોશે તો તમારી પાસેથી જે કાંઇ (લઇ) લેવામાં આવ્યું છે તે કરતાંય બેહતર તમને

આપશે અને તમારા ગુનાહ માફ કરી દેશે અને અલ્લાહ મહાન ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

وَاِنۡ يُّرِيۡدُوۡا خِيَانَتَكَ فَقَدۡ خَانُوا اللّٰهَ مِنۡ قَبۡلُ فَاَمۡكَنَ مِنۡهُمۡ‌ ؕ وَاللّٰهُ عَلِيۡمٌ حَكِيۡمٌ ۝٧١

(૭૧) અને અગર તેઓ તારી સાથે વિશ્વાસઘાત (કરવા)નો ઇરાદો કરે તો તેઓ અલ્લાહ સાથે તો પ્રથમથીજ વિશ્વાસઘાત કરી ચૂક્યા છે, પણ તેણે (તમને) તેમના પર કાબૂ આપી દીધો છે; અને અલ્લાહ મોટો જાણનાર (અને) હિકમતવાળો છે.

اِنَّ الَّذِيۡنَ اٰمَنُوۡا وَهَاجَرُوۡا وَجٰهَدُوۡا بِاَمۡوَالِهِمۡ وَاَنۡفُسِهِمۡ فِىۡ سَبِيۡلِ اللّٰهِ وَالَّذِيۡنَ اٰوَوْا وَّنَصَرُوۡۤا اُولٰۤـئِكَ بَعۡضُهُمۡ اَوۡلِيَآءُ

بَعْضٍ ؕ وَالَّذِیْنَ اٰمَنُوْا وَلَمْ یُهَاجِرُوْا مَا لَكُمْ مِّنْ وَّلَایَتِهِمْ
مِّنْ شَیْءٍ حَتّٰی یُهَاجِرُوْا ۚ وَاِنِ اسْتَنْصَرُوْكُمْ فِی الدِّیْنِ
فَعَلَیْكُمُ النَّصْرُ اِلَّا عَلٰی قَوْمٍۭ بَیْنَكُمْ وَبَیْنَهُمْ مِّیْثَاقٌ ؕ وَاللّٰهُ
بِمَا تَعْمَلُوْنَ بَصِیْرٌ ﴿۷۲﴾

(૭૨) નિ:સંશય જે લોકો ઇમાન લાવ્યા છે તથા તેમણે સ્વદેશ ત્યાગ (હિજરત) કર્યો છે અને જેમણે અલ્લાહની રાહમાં પોતાના માલ તથા જાનથી જેહાદ કર્યો છે, અને જેમણે (મુસ્લિમોને) આશ્રય આપીને મદદ કરી છે, તેઓ એક બીજાના હિમાયતી છે; અને જેઓ ઇમાન તો લાવ્યા છે પણ હિજરત કરી નથી, તો જ્યાં સુધી તેઓ હિજરત ન

કરે ત્યાં સુધી તેમના રક્ષણ માટે તમે કોઇ રીતે બંધાયેલા નથી; અને જો તેઓ તમારી પાસે દીન (ના મામલા)માં મદદ માંગે તો તેમને મદદ આપવી તમારા ઉપર લાઝિમ છે, પરંતુ તે કોમના મુકાબલામાં નહિ કે જેમની અને તમારી વચ્ચે કરાર (થઇ ચૂક્યા) હોય; અને તમે જે કાંઇ કરો છો તે અલ્લાહ નિહાળે છે.

وَالَّذِيْنَ كَفَرُوْا بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ؕ اِلَّا تَفْعَلُوْهُ تَكُنْ
فِتْنَةٌ فِى الْاَرْضِ وَفَسَادٌ كَبِيْرٌ ﴿٧٣﴾

(૭૩) અને જે લોકો ઇમાન નથી લાવ્યા, તેઓ (આપસમાં) એક બીજાના હિમાયતી છે; અગર તમે (જે આજ્ઞા તમને આપવામાં આવી છે) તે (નું

પાલન) નહિ કરો તો પૃથ્વી પર ફિત્નો અને ભયંકર ફસાદ ફેલાઈ જશે.

وَالَّذِيْنَ اٰمَنُوْا وَهَاجَرُوْا وَجٰهَدُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ وَالَّذِيْنَ اٰوَوْا وَّنَصَرُوْٓا اُولٰٓئِكَ هُمُ الْمُؤْمِنُوْنَ حَقًّا ؕ لَهُمْ مَّغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ﴿٧٤﴾

(૭૪) અને જે લોકો ઇમાન લાવ્યા તથા હિજરત કરી અને અલ્લાહની રાહમાં જિહાદ કર્યો, અને જેમણે (મોહાજીરોને) આશ્રય આપીને સહાય કરી તેઓજ સાચા મોઅમીન છે; (પાપની) ક્ષમા અને આબરૂની રોઝી તેમના માટેજ છે.

وَالَّذِيْنَ اٰمَنُوْا مِنْۢ بَعْدُ وَهَاجَرُوْا وَجٰهَدُوْا مَعَكُمْ فَاُولٰٓىِٕكَ مِنْكُمْ ؕ وَاُولُوا الْاَرْحَامِ بَعْضُهُمْ اَوْلٰى بِبَعْضٍ فِيْ كِتٰبِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿٧٥﴾

(૭૫) અને જે લોકો (સુલેહ હુદયબીયા) પછી ઇમાન લાવ્યા અને સ્વદેશ ત્યાગ કર્યો અને તમારી પડખે (ઉભા) રહી યુધ્ધ કર્યું તેઓ પણ તમારા માંહેનાજ છે; જો કે અલ્લાહના હુકમ પ્રમાણે સગાંવહાલાં એક બીજાના (વારસાના સંબંધમાં) વધુ હકદાર છે, બેશક અલ્લાહ દરેક વસ્તુનો (સંપૂર્ણ રીતે) જાણકાર છે.

بَرَآءَةٌ مِّنَ اللّٰهِ وَرَسُوۡلِهٖۤ اِلَى الَّذِيۡنَ عٰهَدْتُّمۡ مِّنَ الۡمُشۡرِكِيۡنَ ۞١

(૧) (અય મુસલમાનો !) તમોએ જે મુશરીકો સાથે (સુલેહના) કરાર કર્યા હતા તેનાથી હવે અલ્લાહ અને તેનો રસૂલ (તદ્દન) વિમુખ છે.

فَسِيۡحُوۡا فِى الۡاَرۡضِ اَرۡبَعَةَ اَشۡهُرٍ وَّاعۡلَمُوۡۤا اَنَّكُمۡ غَيۡرُ مُعۡجِزِى اللّٰهِ‌ ۙ وَاَنَّ اللّٰهَ مُخۡزِى الۡكٰفِرِيۡنَ ۞٢

(૨) માટે અય મુશરીકો! આ (રજબ, ઝીલકાદ, ઝીલ્હજ્જ અને મોહર્રમ) ચારે (હુરમતવાળા) મહીના (દરમિયાન) દેશમાં હરો ફરો અને સમજી

લો કે તમે અલ્લાહને વિવશ કરીશ શકશો નહી અને આ કે અલ્લાહ નાસ્તિકોને ફજેત કરનારો છે.

وَاَذَانٌ مِّنَ اللّٰهِ وَرَسُوۡلِهٖۤ اِلَى النَّاسِ يَوۡمَ الۡحَجِّ الۡاَكۡبَرِ اَنَّ اللّٰهَ بَرِىۡٓءٌ مِّنَ الۡمُشۡرِكِيۡنَ ‌ۙ وَرَسُوۡلُهٗ‌ ؕ فَاِنۡ تُبۡتُمۡ فَهُوَ خَيۡرٌ لَّـكُمۡ‌ ۚ وَاِنۡ تَوَلَّيۡتُمۡ فَاعۡلَمُوۡۤا اَنَّكُمۡ غَيۡرُ مُعۡجِزِى اللّٰهِ‌ ؕ وَبَشِّرِ الَّذِيۡنَ كَفَرُوۡا بِعَذَابٍ اَلِيۡمٍۙ‏ ﴿۳﴾

(3) અને અલ્લાહ તથા તેના રસૂલ તરફથી હજ્જે અકબરના દિવસે સઘળા લોકોને જાહેર (કરવામાં આવે) છે કે અલ્લાહ મૂર્તિ પૂજકો (ના સંરક્ષણ)થી હાથ ઉઠાવી લે છે અને તેનો રસૂલ પણ; પછી અગર તમે તૌબા કરી લો તો તમારા માટે તે સારૂં

છે, અને અગર મોંઢું ફેરવશો તો સમજી લો કે તમે અલ્લાહને વિવશ કરી શકનારા નથી; અને (અય રસૂલ!) તું ઇમાન નહિ લાવનારાઓને દુઃખદાયક અઝાબની ખુશખબર પહોંચાડી દેઃ

إِلَّا الَّذِينَ عَاهَدتُّم مِّنَ الْمُشْرِكِينَ ثُمَّ لَمْ يَنقُصُوكُمْ شَيْئًا وَلَمْ يُظَاهِرُوا عَلَيْكُمْ أَحَدًا فَأَتِمُّوا إِلَيْهِمْ عَهْدَهُمْ إِلَىٰ مُدَّتِهِمْ ۚ إِنَّ اللَّهَ يُحِبُّ الْمُتَّقِينَ ﴿٤﴾

(૪) પરંતુ મુશરીકો માંના તે લોકો કે જેમની સાથે તમે કરાર કર્યા હતા; પછી તેમણે તમારી સાથે (તેના પાલવમાં) કાંઇ કમી કરી નથી; (તેમજ) તમારી વિરૂધ્ધ કોઇને સહાય પણ આપી નથી તો

તેમના કરાર તેની મુદ્દત (પૂરી થતાં) સુધી પૂરા કરો; બેશક અલ્લાહ પરહેજગારોને દોસ્ત રાખે છે.

فَاِذَا انْسَلَخَ الْاَشْهُرُ الْحُرُمُ فَاقْتُلُوا الْمُشْرِكِيْنَ حَيْثُ
وَجَدْتُّمُوْهُمْ وَخُذُوْهُمْ وَاحْصُرُوْهُمْ وَاقْعُدُوْا لَهُمْ كُلَّ
مَرْصَدٍ ۚ فَاِنْ تَابُوْا وَاَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ فَخَلُّوْا
سَبِيْلَهُمْ ۗ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝٥

(૫) પછી જ્યારે હુરમતવાળા (મજકુર ચાર) મહિના પૂરા થઇ જાય તો મુશરીકો જ્યાં પણ મળી આવે ત્યાં તેમને કત્લ કરી નાખજો અને તેમને પકડી બંદીવાન કરી લેજો, અને તેમને ઘેરી લેજો, અને દરેક સંતાઇ રહેવાની જગ્યાએ તેમની તાકમાં

(બેસી) રહેજો; (પણ) પછી જો તેઓ પ્રાયશ્ચિત કરે અને નમાઝ પઢવા લાગે તથા ઝકાત આપવા માંડે તો તેમનો માર્ગ ઉઘાડી નાખજો; બેશક અલ્લાહ મહા ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

وَاِنْ اَحَدٌ مِّنَ الْمُشْرِكِيْنَ اسْتَجَارَكَ فَاَجِرْهُ حَتّٰى يَسْمَعَ كَلٰمَ اللّٰهِ ثُمَّ اَبْلِغْهُ مَاْمَنَهٗ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَعْلَمُوْنَ ۟﴿٦﴾

(૬) અને (અય રસૂલ!) મુશરીકોમાંથી અગર કોઇ તારી પનાહ માંગે તો તેને પનાહ આપ, અહીં સુધી કે તે અલ્લાહનો કલામ સાંભળે, પછી તેને તેના સુરક્ષિત સ્થાને પહોંચાડી દેજે; આ એ માટે કે તેઓ એવા લોકો છે કે જેઓ કાંઇ જાણતા નથી.

كَيۡفَ يَكُوۡنُ لِلۡمُشۡرِكِيۡنَ عَهۡدٌ عِنۡدَ اللّٰهِ وَعِنۡدَ رَسُوۡلِهٖۤ اِلَّا
الَّذِيۡنَ عٰهَدۡتُّمۡ عِنۡدَ الۡمَسۡجِدِ الۡحَرَامِ‌ ۚ فَمَا اسۡتَقَامُوۡا لَكُمۡ
فَاسۡتَقِيۡمُوۡا لَهُمۡ‌ ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ الۡمُتَّقِيۡنَ‏ ﴿۷﴾

(૭) અલ્લાહ અને તેના રસૂલના શીરે મુશરીકોનો કોઇ કરાર કેવી રીતે રહી શકે, સિવાય કે જેમની સાથે તમોએ મસ્જિદુલ હરામ પાસે કરાર કરી લીધો હતો? જેથી જ્યાં સુધી તેઓ તમારી સાથે તે (કરાર) પર કાયમ રહે તો તમે પણ તેમની સાથે તેના પર કાયમ રહો; બેશક અલ્લાહ પરહેજગારોને દોસ્ત રાખે છે.

كَيۡفَ وَاِنۡ يَّظۡهَرُوۡا عَلَيۡكُمۡ لَا يَرۡقُبُوۡا فِيۡكُمۡ اِلًّا وَّلَا ذِمَّةً ؕ

يُرۡضُوۡنَكُمۡ بِاَفۡوَاهِهِمۡ وَتَاۡبٰى قُلُوۡبُهُمۡ‌ ۚ وَاَكۡثَرُهُمۡ فٰسِقُوۡنَ‌ۚ ۸

(૮) તે કરાર (કાયમ) કેવી રીતે રહી શકે જ્યારે કે જો તેઓ તમારા પર પ્રભુત્વ મેળવી લે તો તમારા સબંધમાં ન સગપણનો વિચાર કરે ન કોલ કરારનો; તેઓ (માત્ર) મોંઢાની વાતોથી તમને રાઝી કરે છે, પરંતુ તેમના અંતઃકરણો તે કબૂલ રાખવાને ના પાડે છે, અને તેઓ માંના ઘણાખરા ફાસિકો છે.

اِشۡتَرَوۡا بِاٰيٰتِ اللّٰهِ ثَمَنًا قَلِيۡلًا فَصَدُّوۡا عَنۡ سَبِيۡلِهٖ ؕ اِنَّهُمۡ

سَآءَ مَا كَانُوۡا يَعۡمَلُوۡنَ‏ ۹

(૯) તેમણે અલ્લાહની આયતોના બદલામાં નજીવી કિંમત લઇ લીધી છે જેથી (લોકોને) તેના માર્ગથી અટકાવે છે; બેશક જે તેઓ કરી રહ્યા છે તે ઘણુંજ ખરાબ છે.

لَا يَرۡقُبُوۡنَ فِىۡ مُؤۡمِنٍ اِلًّا وَّلَا ذِمَّةً‌ ؕ وَاُولٰۤـئِكَ هُمُ الۡمُعۡتَدُوۡنَ‏ ﴿۱۰﴾

(૧૦) તેઓ મોઅમીનના સબંધમાં ન કોઇ સગપણનો વિચાર કરે છે ન કોલ કરારનો; અને તેઓજ અત્યાચારી (મર્યાદા ઓળંગનાર) છે.

فَاِنۡ تَابُوۡا وَاَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ فَاِخۡوَانُكُمۡ فِى الدِّيۡنِ‌ ؕ وَنُفَصِّلُ الۡاٰيٰتِ لِقَوۡمٍ يَّعۡلَمُوۡنَ‏ ﴿۱۱﴾

(૧૧) પછી અગર તેઓ તૌબા કરી લે તથા નમાઝ પઢવા લાગે તથા ઝકાત આપવા માંડે તો તેઓ દીનમાં તમારા ભાઇઓ છે; અને તે લોકો માટે કે જેઓ જ્ઞાન ધરાવે છે અમે (અમારી) આયતોને સ્પષ્ટ કરી વર્ણવીએ છીએ.

وَاِنۡ نَّكَثُوۡۤا اَيۡمَانَهُمۡ مِّنۡۢ بَعۡدِ عَهۡدِهِمۡ وَطَعَنُوۡا فِىۡ دِيۡـنِكُمۡ فَقَاتِلُوۡۤا اَٮِٕمَّةَ الۡـكُفۡرِ‌ ۙ اِنَّهُمۡ لَاۤ اَيۡمَانَ لَهُمۡ لَعَلَّهُمۡ يَنۡتَهُوۡنَ ﴿۱۲﴾

(૧૨) અને અગર તેઓ કરાર કર્યા બાદ પોતાની પ્રતિજ્ઞાઓનો ભંગ કરે અને તમારા ધર્મ સંબંધમાં મેણાં મારે તો તમે પણ નાસ્તિકોના સરદારો સાથે લડો. તેમની કસમનો કોઈ ભરોસો નથી. કદાચને તેઓ (તેમ કરતાં) અટકી જાય;

اَلَا تُقَاتِلُوْنَ قَوْمًا نَّكَثُوْٓا اَيْمَانَهُمْ وَهَمُّوْا بِاِخْرَاجِ الرَّسُوْلِ
وَهُمْ بَدَءُوْكُمْ اَوَّلَ مَرَّةٍ ؕ اَتَخْشَوْنَهُمْ ۚ فَاللّٰهُ اَحَقُّ اَنْ
تَخْشَوْهُ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١٣﴾

(૧૩) શું તમે તે લોકોથી નહિ લડો કે જેમણે પોતાની પ્રતિજ્ઞાઓ તોડી નાખી અને રસૂલને (તેના શહેરમાંથી) કાઢી મૂકવાનો નિશ્ચય કર્યો અને તમારા પર (હુમલો કરવાની) પહેલ કરી? શું તમે તેમનાથી ભય પામો છો? પણ અગર તમે મોઅમીન છો તો અલ્લાહ તેનો વધુ હકદાર છે કે તમે તેનાથી જ ભય પામો.

قَاتِلُوْهُمْ يُعَذِّبْهُمُ اللّٰهُ بِاَيْدِيْكُمْ وَيُخْزِهِمْ وَيَنْصُرْكُمْ
عَلَيْهِمْ وَيَشْفِ صُدُوْرَ قَوْمٍ مُّؤْمِنِيْنَ ﴿١٤﴾

(૧૪) તેમની સાથે (સારી રીતે) લડો; અલ્લાહ તમારા હાથે તેમને અઝાબ આપશે અને તેમને ફજેત કરશે અને તેમની વિરૂધ્ધ તમને સહાય કરશે અને (તેમ કરીને) મોઅમીનોના કાળજા ઠંડા કરશે.

وَيُذْهِبْ غَيْظَ قُلُوْبِهِمْ ؕ وَيَتُوْبُ اللّٰهُ عَلٰى مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ
عَلِيْمٌ حَكِيْمٌ ﴿١٥﴾

(૧૫) અને તે (મોઅમીનો)ના મન માંહેનો ક્રોધ દૂર કરી દેશે અને અલ્લાહ ચાહશે તેની તૌબા કબૂલ